
### જિલ્લાનો સામાજિક-આર્થિક અને પર્યાવરણીય અભ્યાસ ''ગેમી'' દ્વારા કરાયો

# જિલ્લામાં પર્યાવરણીય સંતુલન જાળવવા સહિયારો પુરૂષાર્થ જરૂરી

**'ગેમી' દ્વારા કરાયેલા અભ્યાસમાં કૃષિક્ષેત્રે સુએજનું ટ્રીટમેન્ટ કરેલુ પાણી આપવા તેમજ પેયજળમાં ક્લોરીનેશન ઉપરાંત પોષક તત્વોનો ઉમેરો કરવા ભલામણ કરાઈ : જાહેરમાં કચરો બાળવાની પ્રવૃત્તિ અટકાવવા તેમજ સૂકો-ભીના કચરાના યોગ્ય નિકાલ માટેની વ્યવસ્થા ઉભી કરવા કહેવાયુ : રાજ્ય કેન્દ્ર પુરસ્કૃત યોજનામાં પંચાયતોની સક્રિયતા વૃદ્ધિ પર ભાર મુકવામાં આવ્યો**






ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં પર્યાવરણ સંતુલન જાળવી રાખવા સહિયારા પુરૂષાર્થની તાતી જરૂરિયાત હોવા સાથે પંચાયતી રાજની સંસ્થાઓને વધુ સત્તાઓ આપી સશક્તિકરણની દિશામાં પગલાં લેવાય તેવી ભલામણ ગુજરાત એન્વાર્યમેન્ટ મેનેજમેન્ટ ઈન્સ્ટીટ્યુટે તેના અહેવાલમાં કરી છે.

રાજ્યના ગ્રામીણ વિસ્તારોની સામાજિક આર્થિક પરિસ્થિતિ તેમજ પર્યાવરણીય સ્થિતિ અંગે સંસ્થાએ ૨૦૧૩ થી અભ્યાસ શરૂ કર્યો હતો અને તાજેતરમાં તેણે આ અંગે સંગ્રહિત અહેવાલ પ્રસિદ્ધ કર્યો છે. ૮ વર્ષ જેટલા સમય સુધી તેણે આ અભ્યાસ કર્યો છે.

ગાંધીનગર જિલ્લા અંગે તેણે ૨૦૧૭માં અભ્યાસ કર્યો હતો. નવ ગામોનું કલસ્ટર બનાવી તેણે આ અભ્યાસ કરી મહત્વની ભલામણો કરી છે. અભ્યાસમાં તેણે સામાજિક આર્થિક સ્થિતિ તેમજ પર્યાવરણીય સ્થિતિને લઈ ભલામણો કરી છે.

ભૂગર્ભ જળના વધુ પડતા ખેંચાણને લઈ ચિંતા વ્યક્ત કરવામાં આવી છે તેમજ રાસાયણિક ખાતરોનો વધુ પડતો ઉપયોગ પણ ચિંતાજનક હોવાનું અભ્યાસને અંતે કરાયેલ ભલામણમાં કહેવાયુ છે.

જિલ્લામાં પેયજળની ગુણવત્તા પહેલેથી પ્રશ્નાર્થમાં છે અને તેમાં પણ વધુ પડતા બોરવેલ બન્યા પછી જે સ્થિતિ કથળી છે તેના ચોંકાવનારા તારણો પૃથકરણમાં દેખાયા છે. પર્યાવરણીય સંતુલન જાળવી રાખવા માટે સહિયારો પુરૂષાર્થ ખુબ જરૂરી હોવાનું અભ્યાસમાં પ્રતિઘોષ થઈ રહ્યુ છે.

આ સર્વે માટે રૂપાલ, ભોંયણ રાઠોડ, સોનીપુર, વાસણ, રાંધેજા, ઉનાવા, આદરજ મોટી, જલુંદ અને પુન્દ્રાસણ ગામને કલસ્ટર બનાવ્યુ હતું.



આ સર્વેમાં આ નવ ગામની ૪૮,૨૭૩ જેટલી વસ્તીને આવરી લેવામાં આવી હતી. આ સર્વેમાં પાણી માટે ૨૮ જેટલા પાણીના નમૂના લઈ પૃથકરણ કરવામાં આવ્યુ હતુ.

આ સર્વેમાં નવ જેટલા ૨૨ જેટલા જમીનના પણ નમૂના મેળવી અને સોઈલ ટેસ્ટીંગ કરવામાં આવ્યુ હતુ.

પાણીના કરાયેલા પૃથકરણ પછી આ સર્વેમા ક્લોરીનેશન વધારવા સાથે પાણીમાં પોષક તત્વો ઉમેરી અને પેયજળ માટે આપવામાં આવે તેવી ભલામણ કરવામાં આવી છે.

સર્વેમાં નોંધ્યુ છે કે જિલ્લામાં પેયજળનો મુખ્ય સ્ત્રોત બોરવેલ છે. જિલ્લામાં વધુ પડતા બોરવેલ હોવાને કારણે ભૂગર્ભજળના સ્તર નીચે જઈ રહ્યા છે તેમજ આગામી દિવસોમાં પાણીની અછત ધરાવતો જિલ્લો બની શકે છે.

● અનુસંધાન પાન-૭ પર

# શનિવારની તુલનામાં રવિવારે ૩ હજારને ઓછું વેક્સિનેશન

**વેક્સિનેશન માટે વેક્સિનનો સપ્લાય અપૂરતો રહેતાં વેક્સિનની કામગીરીમાં રૂકાવટ**

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં વેક્સિનેશન મહાઅભિયાનમાં રસીની અછતને પગલે ઓટ આવી છે. આજે સતત ચોથા દિવસે પણ રસીકરણ અભિયાનમાં ઓછા લોકોને આવરી શકાયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં વેક્સિનેશન સેન્ટરમાં ૫૦ ટકાથી વધુ ઘટાડો કરવામાં આવ્યો છે. આજે માત્ર ૩૫ સેન્ટર પર ૪૦૫૫ લોકોને જ આવરી શકાયા હતા. જ્યારે શહેરી વિસ્તારમાં ૧૬૭૮ લોકોને આવરી લેવામાં આવ્યા છે.

૨૧મી જૂનથી ભારે જોરશોર વચ્ચે ઓન ધ સ્પોટ રજીસ્ટ્રેશન સાથે અભિયાનનો આરંભ કરાયો હતો પરંતુ જેમ જેમ અભિયાન આગળ વધ્યુ તેમ તેમ રસીની અછત શરૂ થઈ છે. જિલ્લામાં પહેલા ૧૩૦ સેન્ટરો નિયત કરાયા હતા આજે ૪૫ સેન્ટરો પર જ આ વેક્સિનેશન અભિયાન યોજી શકાયુ હતુ.

જિલ્લામાં ગઈકાલે ૮૯૩૩ ને રસીકરણમાં આવરી લેવાયા હતા આજે માત્ર ૫૭૩૩ લોકોને આવરી લેવાયા છે. આમ આજે પણ વેક્સિનેશન અભિયાનમાં ઓટ આવી છે. ગઈકાલની તુલનામાં આજે ૩ હજાર લોકોને ઓછા આવરી લેવામાં આવ્યા છે.

વેક્સિનેશન પોલિંગ બુથ પેટર્ન પ્રમાણે હાથ ધરવાના માર્ગદર્શનની વાતો હવામાં ઓગળી ગઈ છે અને હવે માત્ર પ્રા.આ. કેન્દ્રો પર પણ પુરતા પ્રમાણમાં રસીનો જથ્થો પહોંચી રહ્યો નથી.

ત્રીજી વેવની સંભાવનાને ટાળવા વેક્સિનેશન રામબાણ ઈલાજની વાતો વચ્ચે વેક્સિનનો જથ્થો ખુટી પડતાં લોકોમાં અને કર્મયોગીઓમાં હવે તે અંગેનો ઉત્સાહ તૂટતો જાય છે.

જિલ્લાને પુરતા પ્રમાણમાં વેક્સિનનો જથ્થો મળે તે માટેના પ્રયાસો હવે હાથ ધરવામાં આવ્યા છે. જો કે ખુબ જ ઓછો સપ્લાય હોવાને કારણે આ સ્થિતિ ઉભી થઈ હોવાનું જાણવા મળેલ છે.

# ઓનલાઈન શિક્ષણ માટે વિભાગ દ્વારા જી.શાળા નામની એપ વિકસાવાઈ

**વર્ચ્યુઅલ પ્રયોગશાળા અને ડિજીટલ પાઠ્ય પુસ્તકો એપમાં છે**

ગાંધીનગર, તા. ૨૭

રાજયમાં ઓનલાઈન શિક્ષણ માટે શિક્ષણ વિભાગે હવે ૮.જીરક્કક્ક નામની નવી એપ વિકસાવી છે.

રાજયમાં જી. શાળા નામની આ નવી એપને લઈ શિક્ષકોને તાલિમબદ્ધ પણ કરી દેવામાં આવ્યાનું જાણવા મળેલ છે.

આ એપમાં અભ્યાસક્રમ પાઠ્યપુસ્તક આધારિત છે. આ ઉપરાંત પાઠ્ય પુસ્તકની વાતોને સમજાવવા માટે ટુ ડી અને ૩ ડી એનીમેટેડ વિડીયોઝ પણ મુકવામાં આવ્યા છે.

એપમાં ડિજીટલ પાઠ્યપુસ્તક અને શબ્દ સંગ્રહનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. એટલુ જ નહિ સંદર્ભ અને પૂરક સાહિત્યનો પણ સમાવેશ કરી જ્ઞાન સમૃદ્ધ એપ બનાવવામાં આવી હોવાનો શિક્ષણતંત્રએ દાવો કર્યો છે.

અધ્યયન નિષ્પતિ આધારિત ઈન્ટરેક્ટિવ ઈકન્ટેન અને મૂલ્યાંકનને પણ સમાવવામાં આવ્યા છે તેમજ પ્રશિક્ષક કેન્દ્રીત શૈક્ષણિક વિડીયો એ પણ એપની વિશેષતા છે.

શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે કે આ એપમાં વર્ચ્યુઅલ પ્રયોગશાળા, પ્રાયોગિક સિમ્યુલેશન, વિદ્યાર્થીઓ માટે સ્વઅધ્યયન અને સ્વમૂલ્યાંકન મોડ્યુલ્લ પણ મુકવામાં આવ્યા છે.

શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે કે લર્નિંગ મેનેજમેન્ટ સિસ્ટમ જી. શાળા વેબ એઝડ એપ્લીકેશન અને મોબાઈલ એપ એમ બન્ને રીતે ઉપયોગ કરી શકાશે.

રાજ્ય સરકારે ૧લી જૂનથી શરૂ થયેલા શૈક્ષણિક સત્ર માટે પ્રથમ મહિનો બ્રીજ કોર્ષ સ્વરૂપે ભણાવવા માટેની આપેલી સૂચનાઓ પછી આ નવી એપ ડેવલપ કરી અને ડાઉનલોડ વધુમાં વધુ થાય તે માટેની સૂચનાઓ અને માર્ગદર્શન આપ્યા છે.

એક તરફ ઓગષ્ટથી રાજ્યમાં શાળાઓ શરૂ કરવાની વિચારણા પણ ચાલી રહી છે ત્યારે આ નવી એપ ડેવલપ જે કરાઈ છે તેને લઈ શિક્ષણ વિભાગમાં જ શાળાઓ શરૂ થશે કે કેમ ? તેને લઈ અનેકવિધ તર્ક-વિતર્ક થઈ રહ્યા છે.

# શહેરમાં બે કેસ નોંધાયા ૪ને ડિસ્ચાર્જ અપાયુ

**ગ્રામ્ય વિસ્તારમાં દસ દિવસમાં ત્રીજીવાર ઝીરો કેસ : ૧૧૧ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ : શહેરમાં ૩૦થી વધુ દર્દી એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ**

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના આજે માત્ર બે કેસ નોંધાયા છે. આ બન્ને કેસ ગાંધીનગર શહેરમાં નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે એક પણ કેસ નોંધાયો નથી.

છેલ્લા ૧૦ દિવસમાં ત્રીજીવાર ગ્રામ્ય વિસ્તારમાં એક પણ કેસ ન નોંધાતા તંત્રએ હાશકારો અનુભવ્યો છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩ દર્દીઓ રિકવર થતાં તેમનો ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૯૫૯૫ દર્દીઓ કોરોનામુક્ત થયા છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૧૧ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે જ્યારે ૩૭૮ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે બે કેસ નોંધાયા છે. સે. ૮ માં ૨૯ વર્ષીય યુવતીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત કોબામાંથી ૩૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં આજે એક દર્દી રિકવર થતાં તેને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં આજે પણ ૩૦ થી વધુ દર્દી એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

શહેરમાં કોરોનાનું સંક્રમણ ઘટ્યુ છે અને પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો કરતાં સૂત્રોએ જણાવ્યુ છે કે જે છુટાછવાયા કેસો મળી રહ્યા છે તેને પગલે સર્વેલન્સ પણ સઘન કરવામાં આવ્યુ છે.

# ઝાયડસની વેક્સિન ૧૨-૧૮ વર્ષવાળા માટે ટૂંકમાં આવશે

**સરકાર મુજબ દેશમાં ૧૮ વર્ષથી ઉપરનાં આશરે ૯૩૦૯૪ કરોડ લોકો છે, જેમને વેક્સિન આપવામાં આવશે : કેન્દ્ર સરકારે સુપ્રીમને આપી માહિતી**

અમદાવાદ,તા.૨૭

કેન્દ્ર સરકારે કોરોનાનાં વેક્સિનેશન અભિયાન ઉપર સુપ્રીમ કોર્ટમાં તેનું સોગંદનામું દાખલ કરાવ્યું છે આ હેઠળ તેણે કહ્યું છે કે, ટૂંક સમયમાં જ ૧૨થી ૧૮ વર્ષની ઉંમરનાં બાળકો માટે ઝાયડસ કેડિલાની વેક્સીન લગાવવામાં આવશે. સરકારે વધુમાં કહ્યું કે, આ વર્ષનાં અંત સુધીમાં તમામને વેક્સીન લગાવી દેવામાં આવશે. આપને જણાવી દઈએ કે, ગત દિવસોમાં સુપ્રીમ કોર્ટે કોરોનાની વેક્સીન અંગે કેન્દ્રને સવાલ કર્યા હતાં. કોર્ટે પુછ્યું હતું કે કોરોનાને અટકાવવા માટે સરકાર શું પગલાં ભરી રહી છે. કેન્દ્રએ જણાવ્યું કે, કોરોના મહામારીથી બાળકોને બચાવવા માટે ભારત બાયોટેકની વેક્સીન કોવેક્સીનનો ૨થી ૧૮ વર્ષનાં બાળકો પર ટ્રાયલ શરૂ થઈ ગયો છે. જ્યારે ઝાયડસ કેડિલાની વેક્સીનનો ૧૨થી ૧૮ વર્ષનાં બાળકો પર ક્લિનિકલ ટ્રાયલ પૂર્ણ થઈ ગયો છે. ટૂંક સમયમાં જ ૧૨થી ૧૮ વર્ષનાં બાળકો માટે રસી ઉપલબ્ધ થશે. ડીસીજીઆઈથી મંજૂરીનો ઈન્તેઝાર- કહેવાય છે કે, અમદાવાદની કંપની ઝાયડસ-કેડિલા ત્રીજા ફેઝનું ટ્રાયલ પૂર્ણ કરી ચૂકી છે. એ વેક્સીન બાળકોની સાથે મોટાઓને પણ આપવામાં આવશે. આગામી અઠવાડિયાની અંદર કંપની ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા તેનાં ઈમરજન્સી ઉપયોગની પરવાનગી માંગી શકે છે. તે બાદ આ સમયે સંપૂર્ણ દુનિયામાં ફક્ત ફાઈઝર એકમાત્ર વેક્સીન છે જે ૧૨થી ૧૮ વર્ષનાં બાળકોને આપવામાં આવે છે. વેક્સીનની ઉપલબ્ધતા- સરકાર મુજબ દેશમાં ૧૮ વર્ષની ઉપરનાં આશરે ૯૩-૯૪ કરોડ લોકો છે જેમને વેક્સીન આપવામાં આવશે. જે માટે ૧૮૬થી ૧૮૮ કરોડ વેક્સીનનાં ડોઝની જરૂર પડશે. કેન્દ્ર સરકારે સોગંદનામામાં કહ્યું છે કે, ઓગસ્ટ ૨૧થી ડિસેમ્બર ૨૦૨૧ સુધીમાં દેશમાં ૧૩૫ કરોડ વેક્સીન ઉપલબ્ધ હશે. જેમાં કોવિશીલ્ડનાં ૫૦ કરોડ, કોવેક્સીનનાં ૪૦ કરોડ અને બાયોલોજિકલ ઈની ૩૦ કરોડ તેમજ ઝાયડસ કેડિલાની ૫ કરોડ અને સ્પૂતનિક વીની ૧૦ કરોડ વેક્સીન શામેલ છે.

# થલતેજ અંડરપાસથી સોલા ઓવરબ્રિજ સુધીનો ૧૫૦૦ મીટરનો એલીવેટેડ બ્રીજ શરૂ



અમદાવાદ શહેરના નાગરિકોની સુખાકારી માટે શહેરમાં સતત વિકાસની પ્રક્રિયા વેગવંતી ધોરણે કાર્યરત છે.ત્યારે અમદાવાદ અને ગાંધીનગરને જોડતી કડીરૂપ સરખેજ ગાંધીનગર હાઈવે પર સતત વધી રહેલા વાહનવ્યવહારના કારણે અનેક બ્રીજનું નિર્માણ કરવામાં આવ્યું છે.અને તેના ભાગરૂપે થલતેજ અંડરપાસથી ગોતા સુધીનો ૪૨૦૦ મીટરનો કુલ ૪.૧૮ કિ.મી એલીવેટેડ બ્રીજનું નિર્માણ કાર્ય કરવામાં આવી રહ્યું છે.જે પૈકી થલતેજ અંડરપાસથી શરું કરીને સોલા ઓવરબ્રિજ-રેલ્વે પુલ સુધીના ૧૫૦૦ મીટરના ૬ માર્ગીય ફલાયઓવરનું કામ પૂર્ણ થતાં વાહનચાલકોને વહેલા સુવિધા મળી રહે તે હેતુથી આજથી આ ફલાયઓવર નાયબ મુખ્યમંત્રી શ્રી નિતીનભાઈ પટેલના હસ્તે પ્રજાર્પણ કરવામાં આવ્યો.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

# આજે મનપામાં અંગ્રેજી માધ્યમના વર્ગ માટે ૧૦ શિક્ષકોની ભરતી કરાશે

**૩૫૦ અરજીઓ તંત્રને મળી જેમાંથી ૧૫૦ અરજદારો લાયકાત ધરાવતા મળ્યા**

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા નવા શૈક્ષણિક સત્રથી કે.જી. થી ધો. ૧ ના શરૂ કરવામાં આવનાર અંગ્રેજી માધ્યમના શિક્ષકોની ભરતી પ્રક્રિયા આજે સોમવારના રોજ હાથ ધરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે ૧૦ જગ્યા માટે ૩૫૦ જેટલી અરજીઓ તંત્રને મળી હતી જેમાં બે દિવસની ચકાસણીને અંતે લાયકાત ધરાવતા અરજદારોની સંખ્યા માત્ર ૧૫૦ જેટલા અરજદારોની જ હતી.

તંત્રએ આ ૧૦ જગ્યા માટે ત્રણ ગણા ઉમેદવારોને બોલાવવાનો નિર્ણય કર્યો હોવાનું જાણવા મળેલ છે.

અંગ્રેજી માધ્યમની શાળા શરૂ કરવાની મંજૂરી ગત વર્ષે મળી ગઈ હતી પરંતુ કોરોના મહામારીના કારણે આ વર્ગો શરૂ થઈ શક્યા ન હતા.

હવે ૧લી જુલાઈથી નવા શૈક્ષણિક સત્ર માટે ૧૦ શિક્ષકો લેવાના થાય છે. આ માટે આપેલ જાહેરાતને પગલે ૩૫૦ અરજદારોએ અરજીઓ કરી હતી.

આ શિક્ષકોની ભરતી પછી પગાર ખર્ચ મનપા દ્વારા ઉઠાવવામાં આવનાર છે. મનપાના ભરતીના નિયમો જે બન્યા છે તેમાં શિક્ષકોની ભરતી વિશેનો ઉલ્લેખ ન હોવાથી આ ભરતીને લઈ પણ વિવાદ ઉભો થશે તેવી વાતો શરૂ થઈ ગઈ છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com